HSIL

moonbow
expect the unexpected

**PRESS MONITOR**

Publication : Satellite Samachar
Edition : Ahmedabad
Date : February 17, 2017

---

# મૂનબો તેની ટીવી કમર્શિયલ લોન્ચ કરીને પીવાનું સ્વચ્છ પાણી પીવા માટે અનુરોધ કરે છે



નવી દિલ્હી, ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૭- અગ્રણી સેનિટરીવેર કંપનીની છત્રછાયા હેઠળની બ્રાન્ડ મૂનબોએ આજે તેનાં વોટર પ્યુરિફાયરો માટે અબ ઈન્ડિયા પાયેગા અચ્છા નામે નવી ટીવીસી કેમ્પેઈન રજૂ કરી છે.

આ ટીવીસીમાં બાળપણની નિર્દોષતા આલેખિત કરવામાં આવી છે, જેમાં અલગ અલગ સામાજિક - આર્થિક પાર્શ્વભૂના બાળકો એકત્ર રમે છે અને પાણીનું આદાનપ્રદાન કરે છે, કારણ કે અચ્છા પાની શેર કરના અચ્છી આદત હૈ. આ નવી ટીવીસીમાં દરેકેદરેક લોકો તેમની જાતિ, ધર્મ કે વર્ણ ગમે તે હોય તો પણ શુદ્ધ પીવાનું પાણી મેળવવાના હકદાર છે એ મૂનબોની આ પહેલ આલેખિત કરે છે.

આ નવીનક્કોર ઝુંબેશ વિશે બોલતાં એચએસઆઈએલ લિમિટેડના કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ ડિવિઝનના પ્રેસિડેન્ટ શ્રી રાકેશ કૌલે જણાવ્યું હતું કે આજે ભારતમાં સૌથી મોટા પડકારમાંથી એક પીવાના સ્વચ્છ પાણીને પહોંચ છે. આ ટીવીસી સાથે અમે ભારતભરના ગ્રાહકોને પીવાનું સ્વચ્છ પાણી પૂરું પાડવા પ્રત્યે બ્રાન્ડ્સની વચનબદ્ધતાને અનુકૂળ રીતે મઢી લીધી છે. આ ટીવીસી જનરલ એન્ટરટેઈનમેન્ટ ચેનલો, ચુનંદી અંગ્રેજી અને હિંદી ન્યૂઝ અને મુવી ચેનલો પર ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૭થી પ્રાઈમટાઈમ ટીવી સ્લોટ્સ પરથી પ્રસારિત કરવામાં આવી રહી છે.

અબ ઈન્ડિયા પાયેગા અચ્છા એ પ્રોડક્ટનો વિચાર બાળકો કોઈ અવરોધો જોતો નથી એ વાર્તારેખામાંથી જીવનને ઊંડાણથી ડોકિયું કરવામાંથી બહાર આવ્યો છે. બ્રાન્ડ દરેકને ઉત્તમ પીવાનું પાણી ઉપલબ્ધ કરવાની આકાંક્ષા ધરાવે છે તેની સાથે આ ઉત્તમ સુમેળ સાધે છે. આ ટીવીસી તેની વાર્તારેખા મારફત આ જ સંદેશ ઊજવે અને પ્રદર્શિત કરે છે. આજે દેશના સામાજિક રેસામાં વધુ ઈંધણ પૂરતા એકત્વની ભાવનાઓને જાગૃત કરે છે. આ એક સરળ વાર્તા છે, જેમાં ઘરના કિચનમાંથી મૂનબો વોટર પ્યુરિફાયરમાંથી બોટલમાં પાણી ભરીને બાળક રમતના મેદાનમાં જાય છે. આ બાળક પોતાની કુશળતા પ્રદર્શિત કર્યા પછી ત્યાં મોજૂદ દર્શકોના રૂપમાં અન્ય બાળકોને જુએ છે અને એકને રમવા માટે બોલાવે છે. ટૂંક સમયમાં જ અન્ય બાળકોને પણ રમવા માટે આમંત્રણ આપવામાં આવે છે. ટીવી કમર્શિયલ પાણીનું આદાનપ્રદાન કરવાના એ સંદેશ સાથે પૂરી થાય છે કે જો તમારી પાસે કશુંક સારું હોય તો તમારે તે અન્યોને પણ આપવું જોઈએ, જે એકત્વનો જોશ કેળવે છે.